## જીએનએલયુમાં મૂટકોર્ટ કોમ્પિટિશન યોજાઈ

# ગેરકાયદેસર વસતાં લોકો અને સ્થાનિક લોકોના હ્યુમન રાઈટ્સ વૈશ્વિક મુદ્દો છે



ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી ખાતે 'કલ્ચરલ રાઈટ્સ ઓફ લોકલ પોપ્યુલેશન એન્ડ ઈનફ્લુક્સ ઓફ ઈલિગલ માઈગ્રન્ટ્સ એન્ડ રેફ્યુઝી' પર મૂટકોર્ટ કોમ્પિટિશનનું આયોજન કરાયું હતું. મૂટકોર્ટનું આયોજન નેશનલ હ્યુમન રાઈટ કમિશનના સહયોગથી કરવામાં આવ્યું હતું. મૂટકોર્ટ પ્રસંગે નેશનલ હ્યુમન રાઈટ કમીશનના સેકેટરી જનરલ જયદીપ ગોવિંદે કહ્યું કે, ગેરકાયદેસર વસાહત ધરાવતા લોકો અને લોકલ પોપ્યુલેશનના હ્યુમન રાઈટ્સ વૈશ્વિક મુદ્દો છે. વિશ્વના દરેક દેશમાં મહદઅંશે આ વિખવાદ જોવા મળે છે. તેથી આ મુદ્દા પર ચર્ચા થવી જરૂરી છે, જેની શરૂઆત કોલેજ કે ઈન્સ્ટિટ્યૂટથી લઈને વૈશ્વિક લેવલ સુધી પહોંચવી જોઈએ. ગેરકાયદેસર વસતા લોકોની સવલતોમાં વધારો કરવા સાથે સ્થાનિક લોકોને અન્યાય ન થાય તેનું ખાસ ધ્યાન રાખવું ખૂબ જરૂરી છે. મૂટકોર્ટ કોમ્પિટિશનમાં દેશની વિવિધ કોલેજ અને ઈન્સ્ટિટ્યૂટની ૭૩ ટીમે ભાગ લીધો હતો.